## પેન્શનના પ્રકાર

(૧) વયનિવૃતિ પેન્શન.

(૨) નિવૃતિ પેન્શન.

- સ્વૈ. નિવૃતિ ૨૦ વર્ષે - ૨૫ વર્ષે
- ફરજીયાત નિવૃતિ (૫૦-૫૫ વર્ષે રીવ્યુ)

(૩) કુંટુંબ પેન્શન ( કર્મચારીનું અવસાન થતાં)

(૪) અશક્તા પેન્શન

(૫) રહેમિયત પેન્શન.

(૬) વળતર પેન્શન.

(૭) ઘા અથવા ઇજા પેન્શન.

(૮) સેવા ગ્રેજ્યુઇટી.

## પેન્શનની ગણતરી

- વયનિવૃતિ (૫૮ વર્ષે - ૬૦ વર્ષે)
- ઓછામાં ઓછી ૧૦ વર્ષની પેન્શનપાત્ર સેવા હોવી જોઇએ.

**પેન્શન** :

- છેલ્લા ૧૦/૨૦/૩૬ માસના સરેરાશ પગારની અડધી રકમ.
- ૩૩ વર્ષની સેવા માટે ૧૦૦% પેન્શન ઉપર મુજબ.
- ૩૩ વર્ષ કરતાં ઓછી સેવા હોય તો પ્રમાણસર.

**ગ્રેજ્યુઇટી** :

- (છેલ્લા પગાર + મોંઘવારી) x $\frac{\text{સેવાના વર્ષ}}{\text{૨}}$

**કોમ્યુટેશન** :

- મુળ પેન્શનના ૪૦% x CVP નો દર x ૧૨

- **નિવૃતિ પેન્શન** (૨૦ વર્ષે સ્વૈ.નિવૃતિ)
- ત્રણ માસની નોટીસ.
- સેવા ચકાસણી કરાવવી.
- કાલ્પનિક સેવા ઉમેરવી.

- **<u>બિન રાજ્યપત્રિત કર્મચારીઓના કિસ્સામાં ગણતરી</u>** :

૧. જન્મ તારીખ + ૫૦ વર્ષ ( ૦૮-૧૦-૧૯૫૪ + ૫૦ = ૦૯-૧૦-૨૦૦૪)

૨. દાખલ તારીખ + 30 વર્ષ ( ૦૮-૧૦-૧૯૮૦ + 30 = ૦૯-૧૦-૨૦૧૦)

3. નિવૃતિ તારીખ + ૫ વર્ષ ( 30-૦૬-૨૦૦૮ + ૦૫ = ૨૯-૦૬-૨૦૧૩)

- જે તારીખ વહેલી હોય ત્યાં સુધીની સેવા ઉમેરવાપાત્ર થાય.
- ઉપરોક્ત કિસ્સામાં ક્રમ -૧ મુજબ સ્વૈ. નિવૃતિની તા.30-૦૬-૦૮ થી તા.૦૯-૧૦-૦૯ સુધીની કાલ્પનિક સેવા ઉમેરવાપાત્ર થાય છે.

- **<u>રાજ્યપત્રિત અધિકારીઓના કિસ્સામાં ગણતરી</u>** :

૧. જન્મ તારીખ + ૫૦ વર્ષ ( ૦૮-૧૦-૧૯૫૪ + ૫૦ = ૦૯-૧૦-૨૦૦૪)

૨. દાખલ તારીખ + 30 વર્ષ ( ૦૮-૧૦-૧૯૮૦ + 30 = ૦૯-૧૦-૨૦૧૦)

3. નિવૃતિ તારીખ + ૫ વર્ષ ( 30-૦૬-૨૦૦૮ + ૦૫ = ૨૯-૦૬-૨૦૧૩)

- જે તારીખ વહેલી હોય ત્યાં સુધીની સેવા ઉમેરવાપાત્ર થાય.
- ૨૦ વર્ષની સ્વૈ. નિવૃતિમા માત્ર કાલ્પનિક સેવાનો લાભ મળવાપાત્ર થાય છે.
- સ્વૈ. નિવૃતિની તા.30-૦૬-૦૮ તેથી ઉક્ત કિસ્સામાં વહેલી તા.૦૯-૧૦-૦૪ હોઇ કાલ્પનિક સેવાનો લાભ મળવાપાત્ર નથી.

- <u>નિવૃતિ પેન્શન</u> (૨૫ વર્ષે સ્વૈ.નિવૃતિ)
- ત્રણ માસની નોટીસ.
- સેવા ચકાસણી કરાવવી.
- કાલ્પનિક સેવા ઉમેરવી.

૧. જન્મ તારીખમાં ૫૮ વર્ષ ઉમેરવા.

૨. દાખલ તારીખમાં 33 વર્ષ ઉમેરવા.

3. નિવૃતિ તારીખમાં ૦૫ વર્ષ ઉમેરવા.

- જે તારીખ વહેલી હોય ત્યાં સુધીની સેવા ઉમેરવાપાત્ર થાય.
- કાલ્પનિક સેવા તથા કાલ્પનિક પગારનો લાભ મળવાપાત્ર થાય છે.

- <u>અપરિપક્વ નિવૃતિ</u> :
- ૫૦ વર્ષે રાજ્યપત્રિત.
- ૫૫ વર્ષે બિન રાજ્યપત્રિત.
- ત્રણ માસનો નોટીસ પગાર.
- સેવાના સમયગાળા તથા પગારને ધ્યાને લઇ પેન્શન નક્કી કરવામાં આવે છે.

- **કુંટુંબ પેન્શન** ( કર્મચારીના અવસાન કિસ્સામાં)

પેન્શન :

- FP- ૧ સાત વર્ષ સુધી છેલ્લા પગારનાં ૫૦ %
- FP- ૨ સાત વર્ષ પછી છેલ્લા પગારનાં ૩૦ %

ગ્રેજ્યુઇટી :

- ૧ વર્ષ થી ઓછી નોકરી = (છેલ્લા પગાર + ડી.એ.) x ૨
- ૧ વર્ષ કરતાં વધુ પરંતુ ૦૫ વર્ષ થી ઓછી નોકરી.

= (છેલ્લા પગાર + ડી.એ.) x ૬

- ૫ વર્ષ કરતાં વધુ પરંતુ ૨૦ વર્ષ થી ઓછી નોકરી.

= (છેલ્લા પગાર + ડી.એ.) x ૧૨

- ૨૦ વર્ષ કરતાં વધુ નોકરી = (છેલ્લા પગાર + ડી.એ.) x નોકરીના વર્ષ (મહત્તમ ૩૩ વર્ષ)
- વધુમાં વધુ રૂ.૩,૫૦,૦૦૦/-

અશકતતા પેન્શન :

- તબીબી પ્રમાણપત્રને આધીન.
- સેવાના સમયગાળા અને પગારને ધ્યાને લઇ પેન્શન નક્કી થાય.
- કર્મચારીને અસંયમ અને અનિયમિત ટેવના લીધે અશક્તિ આવેલ હોય તો આ પેન્શન મળવાપાત્ર નથી.

**રહેમિયત પેન્શન :**

-ગેરવર્તન, નાદારી, કે બિન આવડતના કારણે નોકરીમાંથી છુટા કરવામાં આવે અથવા નિવૃત કરવામાં આવે ત્યારે આ પેન્શન સરકાર દ્વારા મંજુર કરવામાં આવે.

-અશક્તતા પેન્શન ઉપરોક્ત કારણોસર છુટા કરવામાં આવ્યા હોય તો ૨/૩ કરતાં વધશે નહી.

- અશક્તતા પેન્શન ઉપરોક્ત કારણોસર નિવુત કરવામાં આવ્યા હોય તો ૨/૩ કરતાં વધી શકે છે.

-લઘુત્તમ પેન્શન કરતાં ઓછુ ન હોય.

વળતર પેન્શન :

- નોકરીમાંથી વહીવટી કારણોસર છુટા કરવામાં આવે ત્યારે આ પેન્શન આપવામાં આવે છે.

**અથવા**

- બીજી ઓછા પગારવાળી જગ્યા પર તે સ્વીકારવાનો અને અગાઉની નોકરી પેન્શનપાત્ર ગણવાનો વિકલ્પ આપવામાં આવે છે.

- **<u>ઘા અથવા ઇજા પેન્શન</u>** :
- ફરજ દરમિયાન ઘા કે ઇજા થાય ત્યારે.
- સરકારી નક્કી કરે તે રકમ.
- જો કાયમી ન હોય તો દર ત્રણ વર્ષે તબીબી પ્રમાણપત્ર રજુ કરવાનું રહે.
- જો કાયમી મંજુર થયેલ હોય તો સેવા પેન્શન ઉપરાંત આ પેન્શન મળશે.

- **<u>સેવા ગ્રેજ્યુઇટી</u>** :
- ૧૦ વર્ષ કરતાં ઓછી સેવાનાં કિસ્સામાં સેવા ગ્રેજ્યુઇટી + મૃત્યુ-સહ-નિવૃતિ ગ્રેજ્યુઇટી મળવાપાત્ર થાય.

-> સેવા ગ્રેજ્યુઇટી = (છેલ્લો પગાર + મોંઘવારી ) x સેવાના વર્ષ

-> મૃત્યુ-સહ-નિવૃતિ ગ્રેજ્યુઇટી = (છેલ્લો પગાર + મોંઘવારી ) x <u>સેવાના વર્ષ</u>

૨

- **<u>રોજમદારોને પેન્શન</u>** :
  - રોજમદારો સરકારી કર્મચારી ગણાતા નથી પરંતુ મા.xમ. વિભાગના તાપ્૧-૧૦-૧૯૮૮ ના ઠરાવથી ખાસ જોગવાઇઓ.
  - **<u>બિન-કુશળ રોજમદારો</u>** :
  - નાણાકીય વર્ષ દરમ્યાન ૨૪૦ દિવસ કે તેથી વધુ હાજરી હોય તેવા વર્ષ પેન્શનપાત્ર કે કાયમી સેવા માટે ગણાશે.
  - આવી ૧૦ વર્ષની સેવા થયેથી અથવા તા.૦૧-૧૦-૧૯૮૮ થી નિયમિત પગાર ધોરણ મળવાપાત્ર.
  - તા.૨૪-૦૩-૦૬ પહેલાં નિવૃત/અવસાન ના કેસમાં **<u>કુલ સેવા</u>** પેન્શનપાત્ર.
  - તા.૨૪-૦૩-૦૬ કે પછી નિવૃત/અવસાન ના કેસમાં **<u>કાયમી થયા પછીની જ સેવા</u>** પેન્શનપાત્ર.
  - **<u>કુશળ રોજમદારો</u>** :
  - - ઉપર મુજબ (બિન-કુશળ જેમ) પણ પગાર ધોરણ અલગ.
  - **<u>અર્ધ-કુશળ રોજમદારો</u>** :
  - ઉપરની વિગતે ૧૫ વર્ષની સેવા પછી કાયમી થવા પાત્ર.
  - અન્ય જોગવાઇ ઉપર મુજબ.

- **<u>પેન્શનનું ચુકવણું</u>**

- અત્રેની કચેરી ધ્વારા તથા લોકલ ફંડ કચેરી ધ્વારા જે પેન્શન અધિકૃત કરવામાં આવે છે તેનું જિલ્લા તિજોરી/પેટા તિજોરી ધ્વારા પ્રથમ ચુકવણું કરવામાં આવે છે.
- જે માટે સંબંધિત પેન્શનરે જિલ્લા તિજોરી/પેટા તિજોરીમાં પ્રથમ વખત રૂબરૂ હાજર થવાનું રહે છે.
- ત્યાર બાદ તેમનું માસિક ચુકવણું બેન્ક મારફ્તે (આઇ.આર.એલ.એ. પધ્ધિત મુજબ) કરવામાં આવે છે.
- પ્રથમ ચુકવણા વખતે છેલ્લા પગારનું પ્રમાણપત્ર તથા ખાતાકિય તપાસ ન હોવાનું પ્રમાણપત્ર (ફોર્મ-૨૨ અવસાનના કેસ સિવાય) રજુ કરવાનું હોય છે.
- ત્યાર બાદ દર માસે પેન્શનરના ખાતામાં તિજોરી કચેરી ધ્વારા પેન્શનની રકમ જમા કરાવવામાં આવે છે.
- જ્યારે પેન્શનમાં રિવીઝન થાય છે ત્યારે પેન્શનરના ખાતામાં તિજોરી કચેરી ધ્વારા તફાવતની રકમ જમા કરાવવામાં આવે છે.
- પેન્શનરે વર્ષમાં એક વખત (જુલાઇ થી સપ્ટેમ્બર સુધીમાં) હયાતીની ખાતરીનું પ્રમાણપત્ર રજુ કરવાનું હોય છે.
- પેન્શન મેળવતી ૫૦ વર્ષથી નીચેની ઉંમરની સ્ત્રી પેન્શનરોએ પોતે પુનઃ લગ્ન નથી કર્યા તે મુજબનું પ્રમાણપત્ર (નમુના-૮) વર્ષમાં એક વખત વાર્ષિક હયાતીની ખરાઇ કરાવતી વખતે આપવાનું હોય છે.
- જે કર્મચારીએ પેન્શનનું રોકડમાં રૂપાંતર કરાવેલ હોય તે પેન્શન રૂપાંતરની તારીખ થી ૧૫ વર્ષ પુરા થયે રી-સ્ટોર થાય છે.

- **<u>નવી વર્ધિત પેન્શન યોજના</u>**

- તા.૦૧-૦૪-૨૦૦૫ પછી રાજ્ય સરકારની નોકરીમાં નિમણુંક પામતા તમામ સરકારી અને પંચાયતના કર્મચારીઓને આ યોજના લાગું પડે છે.
- આ યોજના અન્વયે કર્મચારીના માસિક ફાળા પેટે પગાર + મોંઘવારી ભથ્થાના ૧૦% કર્મચારીનો ફાળો હોય છે તેટલોજ ફાળો રાજ્ય સરકાર જમા કરાવે છે.
- આ અંગેના ખાતા નંબરની ફાળવણી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી ધ્વારા થાય છે.
- એના હિસાબો પણ આ કચેરી નિભાવે છે.

**<u>પેન્શન અંગેના નિયમો/ઠરાવો નીચે વેબસાઇટ ઉપરથી ઉપલબ્ધ થઇ શકશે.</u>**

http://intranet.guj.nic.in/dppf